# ઈસુ અને તેના પ્રેરિતો સુવાર્તા પ્રગટ કરે છે

**બાળકોને શીખવનારે અભ્યાસ M2b વાંચવો.**

વિશ્વાસીઓએ પ્રભુ ઈસુના તારણસાધક મૃત્યુ અને પુનરુત્થાન તેમજ પશ્ચાતાપી વિશ્વાસીઓને પાપોની માફી અને અનંતજીવનના વચનની મૂળ સુવાર્તા પોકારીને જાહેર કરવાની છે .(લુક ૨૪ :૪૬-૪૮)

**૧. તમારા હ્રદયોને સુવાર્તા પ્રગટ કરવા માટે તૈયાર કરો.**

ઉત્તમ સુવાર્તાપ્રચાર લોકોને તેમના પાપનો પસ્તાવો કરવા અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવા તરફ દોરે છે. જ્યારે આપણે લોકોને મૂળ સુવાર્તા પ્રગટ કરીએ છીએ ત્યારે પવિત્ર આત્મા તેમને પસ્તાવો કરવા અને વિશ્વાસ કરવા પ્રેરે છે.

જે શુભ સુવાર્તા પ્રભુ ઈસુ દ્વારા પાપની માફી અને અનંતજીવન ઉપજાવે છે તેના વધારે સારા અભ્યાસ માટે નીચેના શાસ્ત્રભાગો કાળજીપૂર્વક વાંચો.

**લુક ૧૮ :૩૧-૩૪માં** જૂઓ કે પ્રભુ ઈસુએ તેમના મૃત્યુ અને સજીવન થયા પહેલાં કેવી ભવિષ્યવાણી કરી હતી.

- તેઓ ક્યાં મરણ પામશે ?
- વિદેશીઓ તેમને શું કરશે ?
- ત્રણ દિવસ પછી ઈસુ પોતે શું કરશે ?

**લુક ૨૪ :૫-૯માં** બે સંદેશવાહકોએ કેટલીક સ્ત્રીઓને ઈસુ વિષે શું કહ્યું ?

- પાપીઓએ તેમને શું કર્યું ?
- તેઓ કેવી રીતે મરણ પામ્યા ?
- ત્રણ દિવસ પછી તેમણે શું કર્યું ?

**લુક ૨૪ :૩૬-૪૮** પ્રભુ ઈસુએ મરણ અને સજીવન થયા બાદ પોતે શું કહ્યું ?

- ઈસુએ કેવી રીતે ખાતરી પમાડી કે તે મરણમાંથી ખરેખર સજીવન થયા હતા ? (૩૬-૪૩)
- ક્યા પવિત્ર પુસ્તકો અને માણસોએ તેમના મરણ અને પુનરુત્થાનની આગાહી કરી હતી ? (૪૪-૪૫)
- દુઃખ સહન કર્યાના ત્રણ દિવસ પછી તેણે પોતે શું કરવાનું હતું ? (૪૬)
- આપણે વિશ્વાસીઓએ દરેક જગ્યાએ લોકોને શું જાહેર કરવું જોઈએ ? (૪૭)
- ઈસુના શિષ્યોએ આ બાબતો વિષે શું કરવાનું હતું ? (૪૮)

**પ્રેકૃ. ૨ :૨૧-૨૪ અને ૩૭-૩૮માં** પીતરે યહુદી લોકોને જે સંદેશો આપ્યો તે જૂઓ

- પીતરે ઈસુના મરણ અને પુનરુત્થાન વિષે શું કહ્યું ? (૨ :૨૧-૨૪)
- યહુદીઓએ પાપોની માફી અને પવિત્ર આત્માનું દાન પામવા માટે શું કરવાનું હતું ? (૨ :૩૭-૩૮)

**પ્રેકૃ. ૨૬ :૧૯-૨૩** પાઉલે બિનયહુદી લોકો આગળ સુવાર્તા પ્રગટ કરી તે :

- બિનયહુદીઓએ (વિદેશીઓએ) શું કરવાનું હતું (૨૦) (ઈસ્ત્રાએલી અને વિદેશી બંનેએ તારણ પામવા માટે પસ્તાવો કરવો તે દેવની જરૂરિયાત છે )
- ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાન વિષે (૨૩)

**રૂમી ૬ :૮-૧૪** જ્યારે આપણે બાપ્તિસ્મા પામ્યા ત્યારે આપણને આત્મિક રીતે કેવા આશિષ મળ્યા ?

- જ્યારે ખ્રિસ્ત મરણ પામ્યા ત્યારે તેમની સમાનતામાં કોણ મરણ પામ્યું ? (૮-૯)

- જ્યારે ખ્રિસ્ત પુનરુત્થાન પામ્યા ત્યારે તેમની સમાનતામાં કોણ પુનરુત્થાન પામ્યું ?

**૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

જે અવિશ્વાસીઓ ખ્રિસ્તના નામમાં સાજાપણું કે છુટકારો પામ્યા હોય તેમની મુલાકાત લો, તેમને સુવાર્તા સમજાવો અને રૂમી ૫ :૧૦ અને ૧૦ :૯-૧૦ ની પ્રતિજ્ઞાઓ તેમને સમજાવો.

સાથીદારો સાથે તેઓ અને તમે કેવી રીતે સુવાર્તાની સમજાણ આપો છો. તેની **ચર્ચા કરો.** હંમેશા ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાન નો પ્રચાર કરવો અને લોકોને પોતાના જૂના કામ તજીને નવા જીવન માટે ખ્રિસ્ત પર વિશ્વાસ કરવો તેવા પ્રચારનું આયોજન કરો.

જો તમારા સમાજમાં ધાર્મિક ચિત્રોનું ચલણ ચાલતું હોય તો સાદા ચિત્રો દોરો અથવા નકલ કરો કેજેની સહાયથી તમે અને બીજા વિશ્વાસીઓ ખ્રિસ્તની સુવાર્તા સમજાવી શકો. સાદા ચિત્રોના ઉદાહરણો આપેલા છે.

જે નવા વિશ્વાસીઓએ બાપ્તિસ્મા લીધું હોય અને પછી શંકા, પરિક્ષણ કે હતાશા આવી હોય તો તેવાની મુલાકાત લો અને તેમને સમજણ આપો કે તેમની અંદર ખ્રિસ્તની શક્તિ (સામર્થ્ય) છે જે તેમને ન્યાયીપણા ના જીવનને માર્ગે દોરે છે જરૂર પડે તો રૂમી ૬ :૧-૧૪ સમજાવો.

**૩. સાથીદારો સાથે આગામી ભજનસેવાનું આયોજન કરો.**

લોકોની જરૂરિયાત અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.

પ્રભુ ઈસુના પાછા ઉઠયા પછીના તેમના શિષ્યોને તેમણે આપેલા દર્શનો વિષે કહો અથવા ભજવી બતાવો. લુક ૨૪ (ભાગ ૧) માં તમને શું પ્રકાશ મળ્યો તે સમજાવો. તમને મળેલા આશિષ વિષે પ્રશ્નો પૂછો.

**બાળકોએ તૈયાર કરેલા** ગીત, પ્રશ્નો, નાટકો વિ. તેમને રજુ કરવા દો.

આપેલા ચિત્રો માં સમાવાયેલા સુવાર્તાના સરળ, સબળ સંદેશા **વિશ્વાસીઓને સોંપો** કે તેઓ અવિશ્વાસીઓને તે પહોંચાડે.

**તમારે બે બાબતો જાણવાની અને બે બાબતો કરવાની જરૂર છે.**

**જાણો**

૧. તમે જે શરમજનક કૃત્યો કરો છો તે માટે દેવ તમને નરકમાં મોકલશે.

૨. તમારા આવા શરમજનક કૃત્યોથી છોડાવવા પ્રભુ ઈસુ આ જગતમાં આવ્યા અને વધસ્તંભ પર મરણ પામ્યા. તેઓ ત્રીજા દિવસે સજીવન થઈને ઊઠયા કે તમારા પાપ માફ થાય અને તમને અનંતજીવન મળે.

**કરો**

૧. તમારા શરમજનક કામોનો પસ્તાવો કરો અને તેમનો ત્યાગ કરો.

૨. તમારા પાપોની માફીને માટે ખ્રિસ્ત મરણ પામ્યા અને પાછા ઉઠયા તેમના નામ પર વિશ્વાસ કરો.

**પ્રભુની મેજ**ની સેવા માટે લુક ૨૩ :૧૩-૪૮ માંથી પ્રભુ ઈસુના વધસ્તંભના મરણનો હેવાલ વાંચો અથવા કહો.

વિશ્વાસીઓ **નાના જૂથોમાં** વહેંચાય અને

- મિત્રો અને સગાઓ માટે પ્રાર્થના કરે.
- તેમને કેવી રીતે સુવાર્તા આપવી તે વિષે પ્રાર્થના કરે.
- તેમની ક્યારે મુલાકાત લેવી તે વિષે યોજના કરે.
- ઉપર દર્શાવેલી બે બે બાબતો કે જે દરેક માણસે જાણવી અને કરવી જરૂરી છે તે મુખપાઠ કરે.


લુક ૨૪ : ૪૬-૪૮ **મુખપાઠ કરો**




પ્રભુ ઈસુ માણસ તરીકે આ જગતમાં આવ્યા. સેંકડો વર્ષો પહેલા પવિત્ર ભક્તોએ કરેલી આગાહીઓ મુજબના સમયે અને સ્થળે તેમનો જન્મ થયો.




ઈસુએ સારા કામો કર્યા  માંદાને સાજા કર્યા, ભૂત વળગેલાઓમાંથી ભૂત કાઢયા અને મરેલાઓને સજીવન કર્યા. આ ઉપરથી તેમણે સાબિત કર્યું કે તેઓ દેવ તરફથી મોકલાએલા છે. તેમણે લોકોને શીખવ્યું કે કેવી રીતે દેવને ઓળખવો.



દુષ્ટ ધાર્મિક આગેવાનોએ ઈસુને અપરાધી ઠરાવ્યા અને દુષ્ટ અવિશ્વાસી લોકોએ તેમને લાકડાના વધસ્તંભ પર જડીને મારી નાખ્યા.



સત્તાધિશોએ ઈસુના મિત્રને રજા આપી કે તે ઈસુના શબને કબરમાં મૂકે. રોમન ગવર્નરે ત્યાં સૈનિકોનો પહેરો મૂક્યો કે કોઈ ત્યાં જઈ ના શકે.



ત્રણ દિવસ પછી ઈસુ મૂએલામાંથી પાછા ઊઠયા અને ઘણાને દેખાયા. તેમણે લોકોને (આખા જગતમાં) તેમના માર્ગો બદલવા અને પાપોની માફીને માટે તેમના પર વિશ્વાસ કરવા જણાવ્યું કે જેથી તેમને તે અનંતજીવન આપે.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.